માર્ચ ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ




## ખરો બુદ્ધિશાળી



# ખરો બુદ્ધિશાળી



## સંપાદકીય

બાળમિત્રો,

તમારામાંથી કોણ પોતાની જાતને બુદ્ધુ માનતું હશે ?

શું કહો છો ? કોઈ નહીં ?

એનો અર્થ કે બધા જ પોતાની જાતને બુદ્ધિશાળી માને છે, ખરું ને ?

સારું, મેં તો માની લીધું પણ મને લાગે છે કે હું કંઈ કોમેન્ટ આપું એના કરતાં તમે જાતે જ તમારી જાતને ચકાસી જુઓ.

કેવી રીતે ?

તો ચાલો, વાંચીએ આ અંકમાં કે પરમ પૂજ્ય દાદાશ્રી ખરો બુદ્ધિશાળી કોને કહે છે ? એના લક્ષણો શું હોય ?

અને હા, વાંચ્યા પછી પ્રમાણિકતાથી પોતાની જાતને ચકાસવાનું ભૂલતા નહીં અને દાદાશ્રી કહે છે એવા થવાનું નક્કી કરવાનું પણ ભૂલતા નહીં.

-ડિમ્પલ મહેતા

Happy Holi




**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૭
સળંગ અંક : ૯૧
*માર્ચ ૨૦૧૬*

................................

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



પ્રશ્નકર્તા : ખરો બુદ્ધિશાળી કોને કહેવાય?

દાદાશ્રી : જે પોતાના ઘરમાં કે ગમે ત્યાં ઓછામાં ઓછી અથડામણ ઊભી થાય એ રીતે વ્યવહાર કરે, કોઈ પણ વ્યવહાર બન્યો હોય એમાં કોઈને દુ:ખ ન થાય અને સામાને હેલ્પ થાય. તેને ખરો બુદ્ધિશાળી કહેવાય.


બુદ્ધિશાળી તો તેનું નામ કહેવાય કે કોઈ માણસ આપણાથી ફફડે નહીં એવી રીતે બુદ્ધિ વાપરતો હોય. અને જ્યાં બીજા કોઈ ફફડે છે, ત્યાં કુબુદ્ધિ છે. એનાથી ભયંકર પાપો બંધાય.

સવારના પહોરમાં ચા મોળી આવી હોય તો બૂમાબૂમ કેમ કરાય ? ચા જેવી વસ્તુમાં અપસેટ થઈ જતા હોઈએ અને કષાયો કરી મૂકતા હોઈએ અને પોતાની જાતને ફક્ત માનતા જ હોઈએ કે હું બુદ્ધિશાળી છું. એ કેટલી બધી મૂર્ખામી કહેવાય. આ તો પુણ્યઈના આધારે સત્તા પ્રાપ્ત થઈ હોય અને આપણે માની બેસીએ કે હું ખરો બુદ્ધિશાળી છું. ચાર આનાની ચા માટે બૂમાબૂમ કરીને પચાસ હજારનો કકળાટ કરે અને ઘરમાં બિચારા કેટલાયને ફફડાવી નાખે ! તેને ખરો બુદ્ધિશાળી કેમ કહેવાય?

પોતાની સત્તાના આધારે બીજાને દુ:ખ આપીએ, ડરાવીએ, ફફડાવીએ, વઢીએ, દબડાવીએ આનું ફળ શું આવે, ખબર છે ? જબરજસ્ત પાપ બંધાય છે. અને આ ભાન નહીં હોવાથી માણસ ગુના કર્યા જ કરે છે.



# ખોટા સિક્કા


એક ગામમાં એક દરજી રહે. બંસી એનું નામ. એ ખૂબ સરળ અને ભદ્રિક હતો.
એ જ ગામમાં એક મારવાડી શેઠ રહે. છેતરપિંડીમાં એ એક્કો હતા.
એક દિવસ બંસીની દુકાનમાં,
લો શેઠ, આ બે જોડી. બાકીના બે દિવસ પછી આપીશ.
ખિસ્સામાં હાથ નાખી, શેઠે થોડા સિક્કા કાઢ્યા.
આ લે, તારા પૈસા.


આ બંસી જેવો મૂરખ મેં આખા ગામમાં જોયો નથી. આટલા વખતથી હું એને ખોટા સિક્કાઓ પધરાવું છું પણ એ ડફોળને ખબર જ નથી પડતી.
ખરું કહો છો શેઠ. પણ એની એક ખાસિયત માનવી પડે. મેં ક્યારેય એને કોઈની સાથે કકળાટ કરતા જોયો નથી
એ વળી ખાસિયત કહેવાય ? એ તો મૂર્ખામી કહેવાય. બોલતા આવડતું હોય તો કકળાટ કરે ને.
બે દિવસ પછી અચાનક બંસીનો મિત્ર એની દુકાને આવી ચડ્યો.
અરે શંભુ તું ? આવ, ભઈલા આવ. ક્યારે આવ્યો શહેરથી ?
આજે સવારે જ આવ્યો.
બંસી અને શંભુની વાતચીત ચાલતી હતી, એટલામાં નાનકડો ભોલુ બંસીની દુકાને દોડતો દોડતો આવ્યો.
બંસી કાકા, કાકી ઘરે બોલાવે છે.
એ... સારું.
બંસી, ભાભીને કંઈ કામ હશે. તું જઈ આવ. હું દુકાનનું ધ્યાન રાખું છું. તું આવ, પછી સાથે બેસીને ગરમા ગરમ ચા પીશું અને થોડા ગપ્પા મારીશું.


સારું ભઈલા. હું આ ગયો, અને આ આવ્યો. મારી ગેરહાજરીમાં કોઈ મારવાડી શેઠ આવે, તો એમને આ કપડાંની પોટલી આપી, એમની પાસેથી પૈસા લઈ લેજે.
બંસીને ગયે થોડી જ વાર થઈ, ત્યાં તો શેઠ દુકાને આવી ચડ્યા.
ક્યાં ગયો બંસી ? મારા કપડાં તૈયાર છે કે નહીં ?
શંભુએ, શેઠને એમની પોટલી આપી.
આ લે પૈસા, બંસીને આપી દેજે.
ઓ શેઠ, ઊભા રહો. આ સિક્કાઓમાં આટલા ખોટા છે. આ નહીં ચાલે. બીજા આપો.
તને શું ખબર પડે ? લઈ લે ને છાનોમાનો. બંસી કંઈ પણ કચકચ કર્યા વગર હંમેશા લઈ લે છે.
શેઠ, તમે તમારી જાતને શેર સમજતા હો તો હું પણ સવા શેર છું. બુદ્ધિની રમતો રમીને બીજાને દગો આપો છો ? આ રમતો અહીંયા નહીં ચાલે.
તું કોણ વળી મારી સાથે આવી રીતે વાત કરવાવાળો ? નથી જોઈતા તારા કપડા.
એમ કહી, શેઠ ધુઆંપુઆં થઈને બહાર નીકળી ગયા.


દૂરથી બંસીએ શેઠને દુકાનમાંથી બહાર નીકળતા જોયા.
શંભુ, મેં શેઠને ખાલી હાથે જતા જોયા. એ એમના કપડાં લીધા વગર કેમ ગયા ?
બંસી, શેઠ મને ખોટા સિક્કાઓ આપી રહ્યા હતા. આટલા વખતથી એ દગાખોર શેઠ તને ઠગી રહ્યા હતા. એટલે મેં એમને ઘર ભેગા કરી દીધા.
અરે શંભુ, એમના એ ખોટા સિક્કા લઈ લેવાના હતા. મારે તને કહેવાનું રહી ગયું.
શું ? તને ખબર છે કે એ શેઠ ખોટા સિક્કાઓ આપે છે ? છતાંય તું એમની પાસેથી લઈ લે છે. શું કરે છે તું એ સિક્કાઓનું ?
હું એ સિક્કાઓ જમીનમાં દાટી દઉં છું. જો એ સિક્કાઓ ફરતા રહે તો કોણ જાણે કેટલાય લોકોને ઠગે અને સારા લોકોની પણ નિયત બગડે. એના કરતા આવા સિક્કાઓને દાટી દઈએ, તો આપણું બગડી બગડીને કેટલું બગડવાનું છે ?
વાહ દોસ્ત વાહ. તારી સમજદારીને તો ધન્ય છે. મારવાડી તને ઠગીને પોતાની જાતને બુદ્ધિશાળી માનતો હશે, પણ આજે હું માની ગયો કે ખરો બુદ્ધિશાળી તો તું છે.

# આ નવી જ



વસ્તુ કરતાં
વ્યક્તિની કિંમત
વધારે મોટી છે.


બુદ્ધિશાળી કોને કહેવાય કે જેના ઘરમાં મતભેદ ના હોય, ઝઘડા ના હોય. દા.ત. કોઈક દિવસ કઢી ખારી બની હોય પણ બીજું બધું જમવાનું સારું હોય છતાંય કઢી માટે કકળાટ કર્યા વગર રહે નહીં. એને બુદ્ધિશાળી કેમ કહેવાય.



જેને બુધ્ધિ નથી,
એને મતભેદ ના પડે.
આ તો બુદ્ધિ નથી
અને બુદ્ધિશાળી માની
બેઠેલાં છે, તેને
મતભેદ પડે છે.



# તો વાત !



બુદ્ધિશાળી એનું નામ
કહેવાય કે ઘરમાં અને
બહાર બધાને સુખ
વધે એવું ખોળી કાઢે.
ઘરમાં આનંદ કરાવડાવે
એનું નામ બુદ્ધિશાળી
કે મોઢું ચડેલું હોય એનું
નામ બુદ્ધિશાળી ?

# મોટું કોણ ?



શહેનશાહ અકબરના જન્મ પહેલા, અકબરના પિતાજી રાજા હુમાયુએ, પર્શિયાના બાદશાહ પાસેથી ખૂબ મદદ મેળવેલી.

વર્ષો પછી પણ પર્શિયાના બાદશાહના પુત્ર, શાહ અબ્બાસ, આ વાત અકબરને પોતાના પત્રો દ્વારા યાદ કરાવતા. તેઓ અકબરને જણાવતા કે અકબરની કીર્તિ અને વિખ્યાતીનો મૂળ શ્રેય તો એમના ઉદાર પિતાજી, પર્શિયાના બાદશાહને જાય છે. અકબરને આથી ખૂબ અકળામણ થતી.

એક વખત, શાહ અબ્બાસને હિંદુસ્તાન પર ચડાઈ કરીને અકબરનું આખું સામ્રાજ્ય મેળવી લેવાની ઈચ્છા થઈ. ચડાઈ કરતાં પહેલાં હિંદુસ્તાન વિષે જાણવું જરૂરી હતું. શાહ અબ્બાસે અકબરને પોતાના કોઈ દૂતને પર્શિયા મોકલવાનો સંદેશો આપ્યો.

બીરબલ, અકબરના સૌથી ચહિતા અને સૌથી બુદ્ધિશાળી મંત્રી હતા. પર્શિયાના બાદશાહ માટે જાતજાતની ભેટ સોગાદો લઈને બીરબલ રવાના થયા.

શાહ અબ્બાસના રાજ્યમાં બીરબલનું ખૂબ ઠાઠમાઠ અને વૈભવથી સ્વાગત કરવામાં આવ્યું.

જેવા બીરબલ રાજ દરબારમાં પ્રવેશ્યા, ત્યાં તેમણે એક અજાયબ દ્રશ્ય જોયું. પાંચ સિંહાસન પર પાંચ બાદશાહ બિરાજમાન હતા. હવે આમાંથી સાચો બાદશાહ કોણ ?

"આ મારી કસોટી લાગે છે. મારે જલદી જ નક્કી કરવું પડશે," બીરબલને થયું.

**"બીરબલ, આપે અમને ક્યારેય જોયા નથી. તો તમે શી રીતે અમને ઓળખી લીધા ?"**



થોડી ક્ષણો માટે બીરબલે પાંચેય સિંહાસન પર નજર કરી અને પછી આછા હાસ્ય સાથે સાચા બાદશાહ આગળ નમ્યા, અને બોલ્યા, "રાજાજી, હિંદુસ્તાનના શહેનશાહ અકબરે, આપને ખૂબ મુબારકબાદી પાઠવી છે અને આપના માટે આ ભેટ સોગાદો મોકલાવી છે."

શાહ અબ્બાસે બીરબલના ચાતુર્યના ઘણા કિસ્સાઓ સાંભળ્યા હતા. પણ આજે નજરોનજર જોઈને તેઓ અત્યંત પ્રસન્ન થયા.

"બીરબલ, આપે અમને ક્યારેય જોયા નથી. તો તમે શી રીતે અમને ઓળખી લીધા?" શાહ અબ્બાસે પોતાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું!

"જહાંપનાહ, હું જ્યારે થોડી ક્ષણો માટે ગૂંચાયો હતો, ત્યારે મેં જોયું કે આપની પ્રતિક્રિયા જોવા માટે બીજા બધા બાદશાહની નજર આપ સમક્ષ હતી અને આપની નજર મારા પર ટકેલી હતી. તેથી મેં તારણ કાઢ્યું કે અસલ બાદશાહ આપ જ છો."

"વાહ બીરબલ વાહ ! આપ ખરેખર બુદ્ધિના સાગર છો ! પણ હવે મને એક વાત જણાવો. આપે આટલા બધા રાજ્યોમાં સફર કર્યું છે. તો આપ, બીજા બધા રાજાઓની સરખામણીમાં, મારા વિષે શું કહેશો?"



"જહાંપનાહ, આપ તો પૂનમના ચાંદ છો, અને બીજા બધા રાજાઓ તો આપની આગળ આગિયા કહેવાય."


શાહ અબ્બાસ પ્રસન્ન થયા, "સારું. હવે મને એમ કહો કે શહેનશાહ અકબરની સરખામણીમાં આપ મને શું કહેશો?"

બીરબલે તરત જવાબ આપ્યો, "શહેનશાહ અકબર બીજનો ચાંદ છે અને આપ પૂનમનો ચાંદ."

શાહ અબ્બાસ બીરબલના જવાબથી ખૂબ પ્રસન્ન થયા અને બીરબલને ખૂબ ભેટ સોગાદો આપીને રવાના કર્યાં. અને તે દિવસથી શાહ અબ્બાસે હિંદુસ્તાન પર ચડાઈ કરવાનું ક્યારેય વિચાર્યું નથી.

પણ, બીરબલની પ્રશંસાવાળી વાત, બીરબલ





હિંદુસ્તાન પહોંચે એ પહેલા શહેનશાહ અકબરને પહોંચી ગઈ. આ સાંભળી અકબર ખૂબ ધુંઆપુંઆ થઈ ગયા.

બીરબલે જ્યારે અકબરને શાહ અબ્બાસે મોકલાવેલી ભેટ સોગાદો ધરી, ત્યારે અકબરે બધી ભેટ સોગાદો બાજુમાં મૂકી દીધી અને બીરબલને કહ્યું, “બીરબલ, તે મારી સાથે દગો કર્યો છે. શાહ અબ્બાસ સામે મારું અપમાન કર્યું છે. તારી હિંમત કેવી રીતે થઈ કે તું શાહ અબ્બાસને પૂનમનો ચાંદ કહે અને મને ફક્ત એક બીજનો ચાંદ ?”

“જહાંપનાહ, પૂનમનો ચંદ્રમા તો દિવસે દિવસે નાનો થતો જાય, જ્યારે બીજના ચંદ્રમા પાસે તો પૂર્ણતા સુધી ઝળહળવાનો અવકાશ હોય છે.”

બીરબલનો જવાબ સાંભળી શહેનશાહ અકબરના મુખ પર હાસ્ય ફરકી ગયું. બીરબલની તો ખાસિયત જ હતી કે ગમે તેવી ખરાબ આફતમાં આવ્યા હોય, તો પણ નિકાલ લાવી દેતા.

પછી થોડા ગંભીર સ્વરે બીરબલે કહ્યું, “જહાંપનાહ આપ તો જાણો છો કે શાહ અબ્બાસ પોતાના અહંકારને ખાતર હિંદુસ્તાન પર ચડાઈ કરવા તૈયાર હતો. જો એક નાનકડી પ્રશંસાથી એમનો અહંકાર પોષાતો હોય અને આટલું મોટું યુદ્ધ ટળી જતું હોય તો શું એ કરવું યોગ્ય નહોતું ?”

“હા બીરબલ, તમારી વાત તદ્દન સત્ય છે. આજે તમે તમારી બુદ્ધિ વડે, અમારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. તમે ક્યારેય પોતાની બુદ્ધિનો ઉપયોગ પોતાના અગંત સ્વાર્થ માટે નથી કર્યો. પણ હંમેશા સામુહિક સુખ માટે અને ક્લેશ ટાળવા માટે જ કર્યો છે.”

આમ કહી, શહેનશાહ અકબરે, રાજા બીરબલને પુરસ્કારથી સન્માનિત કર્યા.

# જીવંત ઉદાહરણ

હંગરીમાં રહેતા જોસેફ કુદાર ખૂબ મોટા વકીલ હતા. ૧૯૫૬માં જ્યારે સોવિયતએ હંગરી પર હુમલો કર્યો, ત્યારે જોસેફને ફરજીયાત હંગરીથી નાસવું પડ્યું.

જોસેફ જ્યારે અમેરિકા આવ્યા, ત્યારે એમની પાસે ન તો પૈસા હતા કે ના નોકરી હતી. પણ જોસેફ ખૂબ ભણેલા-ગણેલા અને બુદ્ધિશાળી હતા. તેઓ અંગ્રેજી ઉપરાંત, ઘણી બધી ભાષાઓ બોલી શકતા અને લખી પણ શકતા.

અમેરિકા આવ્યા પછી, ઘણા બધા મહિનાઓ સુધી તેમણે વકીલાતની નોકરી કરવા માટે પ્રયાસ કર્યા, પણ અમેરિકાના કાયદાની જાણકારી ના હોવાથી, તેઓ આ ક્ષેત્રમાં નોકરી મેળવવામાં અસફળ રહ્યા.

ભાષાઓમાં ખૂબ કુશળતા પ્રાપ્ત કરેલી હોવાથી, જોસેફ એક ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કંપનીમાં અરજ પત્ર લખ્યો.

બે અઠવાડિયા પછી, જોસેફને પોતાની અરજીનો જવાબ મળ્યો. પણ આટલો કઠોર અને તંતીલો જવાબ વાંચવાની જોસેફની તૈયારી નહોતી.

ઘણીબધી વાતો ઉપરાંત જવાબમાં લખ્યું હતું. "તમને તો સાચું અંગ્રેજી પણ લખતા આવડતું નથી. અમને જરૂર હશે તો પણ અમે તમને નોકરીએ નહીં રાખીએ."

આ વાંચી જોસેફ ખૂબ ક્રોધે ભરાયો. એને મનમાં થયું, "આ વ્યક્તિ એના મનમાં સમજે છે શું ? એના પત્રમાં તો સો ભૂલો છે, અને એ વળી મારી ભૂલો કાઢવા આવ્યો ?"

રોષે ભરાયેલા જોસેફે એક રોષ ભર્યો પત્ર લખી કાઢ્યો. થોડી ક્ષણો પછી, જોસેફે પોતે જ લખેલો પત્ર ફરી વાંચ્યો. અચાનક એના મનમાં એક ઝબકારો થયો. એનો બધો જ ક્રોધ ઓગળી ગયો.


જોસેફને થયું, "ના, હું આ પત્ર પોસ્ટ નહીં કરું. બની શકે કે એ વ્યક્તિ સાચું જ કહેતો હોય. બની શકે કે મારે અંગ્રેજી સુધારવા માટે વધુ અભ્યાસ કરવો જોઈએ. આ વ્યક્તિએ તો મને મારી ભૂલ બતાવીને મારા ઉપર ઉપકાર કર્યો છે."

જોસેફે એ પત્ર ફાડી નાખ્યો અને બીજો પત્ર લખ્યો. આ પત્રમાં એણે પત્રના લખાણમાં કરેલી ભૂલોની માફી માંગી અને વધુ અભ્યાસ કરવાનું સૂચવવા બદલ આભાર વ્યક્ત કર્યો.


થોડાક જ દિવસોમાં જોસેફને ન્યુયોર્ક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યો. અને એ કંપનીમાં એને નોકરી મળી ગઈ.

વર્ષો પછી, જોસેફ કુદાર એ જ કંપનીના વાઈસ પ્રેસીડન્ટ બન્યા.

જોયું મિત્રો, ખરો બુદ્ધિશાળી એને જ કહેવાય જે ક્લેશ થવાની જગ્યાએ ક્લેશ ના થવા દે. અપમાન થયું ત્યારે જોસેફ થોડી ક્ષણો માટે ક્રોધિત થઈ ગયા, પણ છેવટે એમને પોતાની સવળી બુદ્ધિથી સવળું શોધી કાઢ્યું અને ક્લેશ ટાળ્યો.



**ગોળમાં આપેલી વસ્તુઓને નીચેના ચિત્રમાંથી શોધો.**




9



# ચાલો રમીએ...

## ૩ મગજ કસો




## ૨ રસ્તો શોધો...





# ઐતિહાસીક ગૌરવગાથાઓ

શ્રીપુનગરમાં પદ્મ નામના એક શેઠને કેશરી નામે એક પુત્ર હતો. કેશરીને ઘણા મિત્રો હતા પણ એક પણ મિત્ર સંસ્કારી નહોતો. કોઈ લબાડ, કોઈ લુચ્ચો, તો કોઈ તદ્દન અધર્મી. આવા મિત્રોને લીધે ધર્મના સંસ્કાર ક્યાંથી જળવાય? કેશરીને જન્મે મળેલા ધાર્મિક સંસ્કાર આથી લુપ્ત (ખોવાતા) થઈ ગયા અને તે ખરાબ મિત્રોના વાદે બગડી ગયો. એને ધીમે ધીમે એને ચોરીની ટેવ પડી ગઈ. તે નાની-મોટી ચોરીઓ કરવા લાગ્યો.

કેશરીના આવા અપકૃત્યની ફરિયાદ રાજા સમક્ષ આવી. રાજાએ કેશરીને પકડી મંગાવ્યો. પણ નગરના પ્રતિષ્ઠિત શેઠનું સંતાન સમજી, એને શિખામણ આપીને છોડી મૂક્યો.

પણ કેશરીને આની કોઈ અસર થઈ નહીં. તે ચોરી કરવાનું ભૂલ્યો નહીં. એની ચોરીઓ વધતી ગઈ. રાજ્યમાં એનાથી થતી હેરાનગતિ વધતી ગઈ. રાજાએ એના પિતાનો સંપર્ક સાધ્યો અને એમની સંમતિથી કેશરીને દેશનિકાલ કર્યો.

કહેવાય છે ને કે માણસને જ્યારે કોઈ પાપની ટેવ પડી જાય છે, ત્યારે તેને કોઈ પણ શિક્ષા અસર કરતી નથી. કેશરીને ચોરીનું વ્યસન થઈ ગયું હતું. આથી દેશનિકાલ થવા છતાંય તે રસ્તે ચાલતાં માત્ર એક જ વિચાર કરતો હતો કે આજે રાતના હું કોને ત્યાં ચોરી કરીશ.

ચાલતાં ચાલતાં તે નગર બહાર એક સરોવર પાસે આવી પહોંચ્યો. સરોવર પાસે એક વૃક્ષ હતું. એ વૃક્ષ ઉપર તે ચડ્યો અને કોના ઘરે ચોરી થઈ શકે એનું નિરીક્ષણ કરવા લાગ્યો. એની નજર ચારે દિશામાં ફરી રહી હતી.

તેવામાં એણે એક સિદ્ધ પુરૂષને આકાશમાંથી ધરતી ઉપર ઊતરતો જોયો. કેશરીએ તેનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. સિદ્ધ પુરૂષે સરોવર પાસે ઊતરીને પોતાની પાદુકા કાઢી સરોવરમાં સ્નાન કરવા ઊતર્યો.

કેશરીએ આ તક ઝડપી લીધી. વૃક્ષ ઉપરથી તે ઝટપટ ઊતર્યો અને દોડીને સિદ્ધ પુરૂષની પાદુકા પહેરી લીધી અને આકાશમાં ઊડી ગયો.

પાદુકા મળતાં કેશરીના આનંદનો પાર ન રહ્યો. જાદુઈ પાદુકા મળવાથી હવે એને પકડાવાનો ડર ન રહ્યો. ચોરી કરવી ને ઊડી જવું. બસ, મજા જ મજા! અને કેશરીએ પોતાના નગરમાં ફરી ચોરીઓ શરૂ કરી દીધી. રાજાના મહેલ સુધી જવાની પણ તેણે ધૃષ્ટતા કરી.

હવે રાજાની ચિંતાનો પાર ન રહ્યો. એમને જાદુઈ પાદુકાની જાણ થઈ. એમણે ચોરને પકડી પાડવા કમર કસી પણ એને પકડવો કઈ રીતે?

છતાં હિંમત કરીને તેઓ ઉઘાડી તલવાર લઈ ચોરની શોધ કરવા નીકળ્યા. શોધ કરતા કરતા તેઓ એક દિવસ જંગલમાં પહોંચ્યા. જંગલમાં એમણે દિવ્ય પૂજા કરેલો ચંડિકાનો એક મંડપ જોયો. રાજાએ ગણતરી મૂકી કે ચોર જરૂર અહીં આવવો જોઈએ. આથી મંડપના પ્રવેશદ્વારની પાછળ તલવાર લઈને તેઓ સંતાઈ ગયા.

અને સાચે જ થોડી વારમાં કેશરી ચોર એ મંડપમાં આવી પહોંચ્યો. પાદુકાને બહાર ઉતારી દેવીને પ્રણામ કરીને બોલ્યો, 'હે દેવી ! આજે જો મને ખૂબ ધન મળશે તો હું વિશેષ પ્રકારે તારી પૂજા કરીશ.' આમ કહી બહાર નીકળવા જાય છે, ત્યાં સામે જૂએ છે કે રાજા એક હાથમાં પાદુકા અને બીજા હાથમાં તલવાર લઈને ઊભા છે.

કેશરી માટે હવે ઊડવું અશક્ય બન્યું. આથી મુઠ્ઠી વાળીને તે ભાગ્યો. રાજાએ પણ એનો શ્વાસભેર પીછો પકડ્યો.

દોડતો દોડતો કેશરી એક બાજુના રસ્તે વળી ગયો પણ રાજા આગળ ને આગળ દોડતા રહ્યા. ચોર હાથમાંથી જતો રહ્યો તેની ચિંતા કરતા રહ્યા. એમણે આજુબાજુ બધે પોતાની શોધ ચાલુ રાખી.

કેશરી દોડતો દોડતો વિચારે છે કે આજે મારું આવી બન્યું. મારું પાપ ફૂટી નીકળ્યું. હવે કેમ બચાય ?

ત્યાં એણે એક મુનિને જોયા. મુનિને વંદન કરીને પૂછ્યું, "મુનિરાજ ! મેં ભયંકર પાપો કર્યા છે. અસંખ્ય ચોરીઓ કરી છે. મારા પાપોને કઈ રીતે ધોવા ?"

મુનિએ એને ધ્યાનમાં બેસી પોતાના પાપો પર પ્રાયશ્ચિત કરવાનું કહ્યું.


કેશરી તરત જ ધ્યાનમાં બેસી ગયો અને આખી જિંદગી પોતે કરેલાં પાપનો ખરા અંતઃકરણથી પસ્તાવો કરવા લાગ્યો. પ્રાયશ્ચિત કરતા કરતા એનું હૃદય પીગળવા લાગ્યું, 'ખરેખર મને ધિક્કાર છે. મેં નાસ્તિક બુદ્ધિથી કેટકેટલાં પાપો કર્યા છે.'

કેશરી ચોર આમ શુભ ધ્યાન ધરવા લાગ્યો. અને અંતે એને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ કેવળીનો ઉત્સવ ઊજવ્યો. એમણે કેશરીને રજોહરણાદિ ઉપકરણો આપ્યા.

આ બાજુ રાજા એને શોધતો શોધતો અહીં આવી પહોંચ્યો. પણ એણે જોયું કે કેશરી તો ધર્મધ્યાનમાં મશગુલ છે. આ જોઈ તે આશ્ચર્ય પામ્યો અને એકી નજરે તેને જોઈ રહ્યો.

આ જોઈ જ્ઞાની મુનિરાજે તેને કહ્યું, 'રાજન ! તને એમ પ્રશ્ન થાય છે ને કે એક ચોરને કેવળજ્ઞાન કેવી રીતે થયું ? તો સાંભળ, આ કેવળજ્ઞાનની ઉપલબ્ધિ તેણે કરેલ શુધ્ધ ભાવથી કરેલા પ્રાયશ્ચિતને આભારી છે. એના ફળ સ્વરૂપે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે.'

મુનિનો ઉપદેશ સાંભળી રાજાએ કેશરીને વંદન કર્યા અને એના માટે કરેલા ખરાબ ભાવ માટે પ્રાયશ્ચિત કર્યું. અનુક્રમે કેશરી મુનિ મુક્તિને પામ્યા.



# મીઠી યાદેં



એક વખત એક બહેનનો સેવામાં કોઈ પ્રોબ્લેમ આવ્યો. પ્રોબ્લેમનું કોઈ સોલ્યુશન ન મળતા, એમણે નીરૂમાને મળીને સોલ્યુશન મેળવાવનું નક્કી કર્યું. નીરૂમાને મળવા માટે જ્યારે એ બહેને ટાઈમ માંગ્યો, ત્યારે નીરૂમાએ એ બહેનને બીજા કોઈ ભાઈને મળીને પોતાની વાતનું સોલ્યુશન લેવાનું કહેવડાવ્યું.

એ બહેને નીરૂમાના કહ્યા પ્રમાણે કર્યું. તે સાંજે નીરૂમા રામઝરૂખે બેઠા હતા. ત્યારે એમની નજર આ બહેન પર પડી. ઈશારો કરી નીરૂમાએ એ બહેનને પોતાની પાસે બોલાવી. પછી નીરૂમાએ એ બહેનને કહ્યું, "ભાઈઓએ અમને તારો પ્રોબ્લેમ કહ્યો અને અમે તારા માટે આ પ્રમાણે સોલ્યુશન આપ્યું છે. અમે તને એ ભાઈ સાથે વાત કરવાની એટલા માટે કહી જેથી કરીને તું એમના સંપર્કમાં આવે. તારો ડીપાર્ટમેન્ટ એ ભાઈની નીચે આવે છે. ડીપાર્ટમેન્ટની બધી વ્યક્તિઓને તારી પરિસ્થિતિનો ખ્યાલ આવે અને તું પણ બધાના સંપર્કમાં આવે, તેથી અમે તને ડાઈરેક્ટલી એ ભાઈ સાથે વાત કરવાનું કહ્યું."

'નીરૂમા કેમ ના મળ્યા' એવો પ્રશ્ન એ બહેનને સહેજ પણ નહોતો થયો. તેમ છતાંય નીરૂમાએ બોલાવીને એ બહેનને ખુલાસો આપ્યો અને એમના મનનું સમાધાન કર્યું.

કેવો જબરદસ્ત હતો નીરૂમાનો લઘુતમ ભાવ ! ખુલાસા આપીને તેઓ દરેકના મનનું સમાધાન કરતા.

# અને છેલ્લે છેલ્લે...

બુદ્ધિશાળી
માણસ પોતાની
બુદ્ધિથી પૈસાદાર
બની શકે છે.
પણ પૈસાદાર
માણસ પોતાના
પૈસાથી
બુદ્ધિશાળી નથી
બની શકતો.





# જોક્સ

પિતા : બેટા, બુદ્ધિશાળી લોકો બેવકૂફોની વાતનો જવાબ ન આપે. માત્ર હસી નાખે.

પુત્ર : પરિક્ષામાં મેં સવાલો વાંચ્યા અને હસીને આવી ગયો.




'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)
૧. પ્રકાશનનું સ્થળ : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪
૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪
૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮-૩-૨૦૧૫, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)


# પઝલના જવાબો






જવાબ - ૨૧

Akram Express
March 2016
Year : 8, Issue : 7
Conti. Issue No.: 91

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# ગુરુકુળના બાળકો સાથે પૂજ્યશ્રી



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.